Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

**Continuous Issue-25 | January – March 2017**

# આદિવાસી ખેડૂતોમાં માહિતી અને મીડિયાની ભૂમિકા અને અભિગમ

## પ્રસ્તાવના

*અન્ય ક્ષેત્રોની જેમ ખેતીના વિકાસ માટે માહિતીના સ્ત્રોતો, મીડિયાની ભૂમિકા અને જરૂરિયાત અગત્યની સાબિત થઇ રહી છે. ભવિષ્યમાં તેની વધુને વધુ જરૂરિયાત રહેવાની છે. ભારત જેવા વિશાળ વિસ્તાર અને જનસંખ્યા ધરાવતા દેશના લોકોને માટે અન્ન, વસ્ત્ર અને આવાસની જરૂરિયાત દિનપ્રતિદિન વધતી જવાની છે. જેથી, કૃષિમાં સમયની માંગ પ્રિસિઝન ફાર્મિંગ (ચોકસાઇ પૂર્વકની ખેતી)ની છે. તેનાં માટે ગુરુચાવીરૂપ ત્રણ તત્વો 1. માહિતી 2. તાંત્રિકતા અને 3. વ્યવસ્થા છે. ખેતીની માહિતી ખેડૂતો સુધી પહોંચે, નવીન તાંત્રિકતાઓ 1. કોમ્પ્યુટર, 2. જી.પી.એસ. (ગ્લોબલ પોઝિશનિંગ સીસ્ટમ), 3.જી.આઇ.એસ.(જીયોગ્રાફિક ઇન્ફોર્મેશન સીસ્ટમ) અને 4. સેન્સરનો ઉપયોગ ખેડૂતો કરતા થાય, તેનું વ્યવસ્થાપન સુચારુ રીતે થાય તે જરૂરી છે. તેને માટે માહિતી અને મીડિયાની ભૂમિકા અને અભિગમ અગત્યનો રહેશે.*

*નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાની એકાદ દશકા પહેલાંની ચીલા ચાલુ, પરંપરાગત ખેતી આજે પરિવર્તિત થઇ ચૂકી છે. આજે અહીં એવા સીમાન્ત અને નાના ખેડૂતો છે કે જેઓ માર્ગદર્શકરૂપ ખેતી કરે છે. માત્ર ડાંગર તુવેર, જુવાર વગેરે કરી જીવનનિર્વાહ કરતો અહીંનો ખેડૂત આજે ટેકનોલોજીનો ઉપયોગ કરતો થયો છે. આ પરિવર્તનની પ્રક્રિયામાં અનેક બાબતોએ અગત્યની ભૂમિકા પૂરી પાડી છે. સરકારી ખાતું અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રએ તેમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ મહત્વની કામગીરી બજાવી છે. જેમાં આગાખાન સંસ્થાએ (આગાખાન રૂરલ સપોર્ટ- ઇન્ડિયા) સારી કામગીરી કરી છે. આજે જૂથ કૂવાઓ, ખાનગી કૂવાઓ, બોર અને ચેકડેમ દ્વારા સિંચાઇનું પ્રમાણ વધ્યું છે. પરિણામ સ્વરૂપ ચીલાચાલુ પાકોની સાથે શેરડી, કપાસ, સોયાબીન, ઘઉં, આંબા, પપૈયા, કેળ જેવા પાકોની સાથે ફળ ઝાડ ખેડૂતો કરતા થયા છે. સારી આવક મેળવી પ્રમાણમાં સદ્ધર પણ થયા છે.*

## વ્યાખ્યાઓ

**સીમાન્ત, નાના, અર્ધ મધ્યમ, મધ્યમ અને મોટા ખેડૂતોની વ્યાખ્યા નીચે મુજબ છે.**

1. સીમાન્ત ખેડૂત - જેઓ એક હેકટર કે તેથી ઓછી જમીન ધરાવે છે તેમને નજીવા કે સૂક્ષ્મ(સીમાન્ત) ખેડૂત તરીકે ગણવામાં આવે છે.
2. નાના ખેડૂત - જેઓ એક થી બે હેકટર જમીનમાં ખેતી કરેછે તેમને નાના ખેડૂતોના જૂથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

3. અર્ધ મધ્યમ ખેડૂત - જેઓ બે હેકટર કરતાં વધારે પણ ચાર હેકટર કરતાં ઓછી જમીનમાં ખેતી કરે છે તેમને અર્ધ મધ્યમ ખેડૂતોના જૂથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
4. મધ્યમ ખેડૂત - જેઓ ચાર હેકટર કરતાં વધારે પણ દશ હેકટર કરતાં ઓછી જમીનમાં ખેતી કરે છે તેમને મધ્યમ ખેડૂતોના જૂથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
5. મોટા ખેડૂત - જેઓ દશ હેકટર કે તેથી વધુ જમીનમાં ખેતી કરે છે તેમને મોટા ખેડૂત તરીકે ઓળખવામાં આવે છે.

**અભ્યાસના હેતુઓ**

અભ્યાસ હેઠળના સીમાન્ત, નાના, અર્ધ મધ્યમ, મધ્યમ અને મોટા ખેડૂતો કંઇ ખેતી પદ્ધતિઓ અપનાવે છે અને તેમાં ખેડૂતો એકબીજા પાસેથી કંઇ શીખે છે ? અર્થાત પરસ્પર ખેતી સંબધિત ચર્ચા કે માર્ગદર્શન મેળવે છે ? તેમજ ખેતી સંબધિત પ્રશ્નોના માર્ગદર્શન માટે કોની પાસે જાય છે ? તે અંગેની જાણકારી મેળવી છે.

પ્રસ્તુત સંશોધનમાં નીચેની બાબતોનો ખેતીના વિકાસમાં કેટલી ભૂમિકા રહી છે તે જાણવાનો હેતુ મુખ્યત્વે રહયો છે.

**૧ . બેંક લોન વિષયક જાગ્રતતા**
**૨ . સરકારી યોજના વિષયક જાગ્રતતા**
**૩ . ખેતી માટે ફોર્મલ જ્ઞાન વિષયક જાગ્રતતા**
**૪. ખેતી માટે ઇન્-ફોર્મલ જ્ઞાન વિષયક જાગ્રતતા**
**૫. ખેતી વિકાસમાં મીડિયા વિષયક જાગ્રતતા**

**સમષ્ટિ અને નમૂનાપસંદગી**

દશમી ગણતરી મુજબ દેડિયાપાડા તાલુકાના સીમાન્ત, નાના, અર્ધ મધ્યમ, મધ્યમ અને મોટા ખેડૂતોની વ્યાખ્યા અને આંકડાઓ લેવામાં આવ્યા છે.

ટેબલ : ૧ સમષ્ટિ અને નમૂનાપસંદગી

| ખેડૂતોની વિગત | ખેડૂતોની સંખ્યા | ટકા | વિસ્તાર(હેકટર) | ટકા |
|---|---|---|---|---|
| સીમાન્ત | 1,891 | 18.20 | 1,210 | 04.33 |
| નાના | 3,422 | 32.93 | 5,016 | 17.97 |
| અર્ધ મધ્યમ | 3,261 | 31.38 | 8,998 | 32.23 |
| મધ્યમ | 1,625 | 15.64 | 9,328 | 33.41 |
| મોટા | 192 | 01.85 | 3,366 | 12.06 |
| કુલ | 10,391 | 100.00 | 27,918 | 100.00 |

સ્રોત : http://agcensus.dacnet.nic.in/nationalcharacterstic.aspxn (એગ્રી સેન્સસ- 2005-2006)

સંશોધનમાં નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના કુલ 163 ગામોમાંથી 130 ગામો રેવન્યુ હેઠળ આવે છે. ડેડિયાપાડા તાલુકાના કુલ 10391 ખેડૂતો પૈકિ પુરૂષ ખેડૂતો-134 અને સ્ત્રી ખેડૂતો-21 એમ કુલ-155 ખેડૂતો પસંદ કરવામાં આવ્યા છે. જે કુલ 10%નમૂનાનું પ્રતિનીધિત્વ કરે છે. તેમાં, કુલ 14 ગામોની પસંદગી સાદા યદચ્છ નિદર્શ દ્વારા કરવામાં આવેલ છે.

## વિશ્લેષણ અને તારણો

### ૧ . બેંક લોન વિષયક જાગ્રતતા

બેંક લોનનો લાભ વિકાસ માટે મોટું પરિબળ સાબિત થઇ રહ્યું છે. તેથી, અન્ય ઉદ્યોગોની જેમ ખેડૂતો પોતાની ખેતીના વિકાસ માટે લોન લેતા થયા છે.

ટેબલ : ૨ બેંક લોન વિષયક જાગ્રતતા

| | | ખેડૂતના પ્રકાર | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સીમાન્ત | | નાના | | અર્ધ મધ્યમ | | મધ્યમ | | મોટા | | કુલ | |
| બેંક લોન | હા | 4 | 14.3% | 4 | 7.8% | 6 | 12.2% | 6 | 25.0% | 1 | 50.0% | 21 | 13.5% |
| | ના | 24 | 85.7% | 47 | 92.2% | 43 | 87.8% | 18 | 75.0% | 2 | 50.0% | 134 | 86.5% |

સંશોધન અભ્યાસથી જણાયેલ કે 134 ખેડૂતો એટલે કે 86.5% ખેડૂતો લોન લીધેલ જણાયા નહોતા. માત્ર 21 ખેડૂતોએ જ લોન લીધેલ જે પ્રમાણ ઘણું ઓછું છે. લોન લીધેલ ખેડૂતોમાં બધા જ પ્રકારના ખેડૂતોનો સમાવેશ થાય છે. તેને ખેતીના વિકાસ માટેના મોટા પરિબળ તરીક ઓળખાવે છે. તેઓ લીધેલ લોનનો ઉપયોગ અન્યત્ર કરતા પણ જણાયા છે. જેમ કે કમાવા માટે ટેમ્પો, છોટા હાથી વગેરે. જેઓએ લોન નહોતી લીધી તેઓને પણ લોન તો જોઇએ છે, પરંતુ તે મેળવવાની કાર્યવાહી અને ધક્કા પસંદ નથી. બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાંથી ધિરાણ લીધેલ ખેડૂતોનું પ્રમાણ વધારે છે. નાના અને અર્ધ મધ્યમ ખેડૂતો લોન લેવામાં મોખરે છે. બરોડા ગુજરાત ગ્રામીણ બેંક ખરા અર્થમાં ગ્રામીણ બેંક પુરવાર થઇ છે. જે ખેડૂતોએ લોન લીધી છે તેઓની તરક્કી થઇ છે. અભ્યાસ હેઠળના 12 ખેડૂતો એટલે કે 57.1% ખેડૂતો એવા છે કે જેઓએ રૂ. 50000 કે તેથી ઓછું ધિરાણ લીધું છે. જે પ્રમાણ વધુ છે અને તેમાં મોટે ભાગે સીમાન્ત અને નાના ખેડૂતોનો સમાવેશ થાય છે. મોટા ધિરાણ વાળા ખેડૂતો ઓછા છે. તેઓ વધુ ધિરાણ ઇચ્છતા હોય તો પણ ઓછી જમીન હોવાને કારણે તે મળી શકે તેમ નથી. લોનનું ઓછું વ્યાજ તેમને લોન લેવા આકર્ષે છે તેવું જણાયું છે.

### ૨ . સરકારી યોજના વિષયક જાગ્રતતા

સરકારી યોજનાઓનો લાભ વિકાસ માટે મોટું પરિબળ સાબિત થઇ રહ્યું છે. તેથી, અન્ય ઉદ્યોગોની જેમ ખેડૂતો પોતાની ખેતીના વિકાસ માટે યોજનાનો લેતા થયા છે.

**ટેબલ : ૩ સરકારી યોજના વિષયક જાગ્રતતા**

| | | ખેડૂતના પ્રકાર | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | |
| યોજના | હા | 15 | 53.6% | 22 | 43.1% | 32 | 65.3% | 15 | 62.5% | 3 | 100.0% | 87 | 56.1% |
| | ના | 13 | 46.4% | 29 | 56.9% | 17 | 34.7% | 9 | 37.5% | 0 | 0.0% | 68 | 43.9% |

અભ્યાસથી જણાયેલ છે કે 87 ખેડૂતો એટલે કે 56.1% ખેડૂતોએ સરકારી યોજનાઓનો લાભ લીધો છે. તેમાં ખાતર, બિયારણ, દવાઓ, જૈવિક ખાતર, દવા છાંટવાનો પંપ, ઓજારો, ડ્રીપ ઇરીગેશન વગેરનો સમાવેશ થાય છે. તેમાં અર્ધ મધ્યમ ખેડૂતોનું પ્રમાણ વિશેષ જોવા મળ્યું છે. જેઓએ લાભ લીધો નથી તેમનું એવું કહેવું છે કે તે માટેના ધક્કાથી કંટાળી જવું, લાભ માંડો મળવો. ખાસ કરીને ખાતર, બિયારણ અને દવા માંડા મળવાથી તેનો કોઇ અર્થ સરતો નથી તેના કરતાં બજારમાંથી તે મેળવી લેવું વધુ ઉચિત છે. તો કેટલાક માને છે કે લાગવગવાળા તે લાભ વધુ હાંસલ કરે છે અને સામાન્ય અને સીધો ખેડૂત લાભથી વંચિત રહી જાય છે.

**૩ . ખેતી માટે ફોર્મલ જ્ઞાન વિષયક જાગ્રતતા**

ખેતીનું માર્ગદર્શન ખેડૂતો માટે દીવાદાંડીરૂપ છે. ખેતીના વિકાસ સાથે સીધી રીતે સંકળાયેલ હોઇ ખેડૂતો ખેતીના માર્ગદર્શન માટે કોની પાસે જાય છે તેને આવરી લેવામાં આવેલ.

ટેબલ : ૪ ખેતી માટે ફોર્મલ જ્ઞાન વિષયક જાગ્રતતા

| | | ખેડૂતના પ્રકાર | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | |
| કેવીકે | હા | 14 | 50.0% | 39 | 76.5% | 42 | 85.7% | 20 | 83.3% | 2 | 66.7% | 117 | 75.5% |
| | ના | 14 | 50.0% | 12 | 23.5% | 7 | 14.3% | 4 | 16.7% | 1 | 33.3% | 38 | 24.5% |
| યુનિર્વસીટી | હા | 5 | 17.9% | 8 | 15.7% | 9 | 18.4% | 2 | 8.3% | 0 | 0.0% | 24 | 15.5% |
| | ના | 23 | 82.1% | 43 | 84.3% | 40 | 81.6% | 22 | 91.7% | 3 | 100.0% | 131 | 84.5% |
| ગ્રામસેવક | હા | 20 | 74.1% | 43 | 84.3% | 48 | 98.0% | 22 | 91.7% | 3 | 100.0% | 136 | 88.3% |
| | ના | 7 | 25.9% | 8 | 15.7% | 1 | 2.0% | 2 | 8.3% | 0 | 0.0% | 18 | 11.7% |
| વિસ્તરણ અધિકારી | હા | 11 | 39.3% | 21 | 41.2% | 20 | 40.8% | 14 | 58.3% | 0 | 0.0% | 66 | 42.6% |
| | ના | 17 | 60.7% | 30 | 58.8% | 29 | 59.2% | 10 | 41.7% | 3 | 100.0% | 89 | 57.4% |
| સ્વૈચ્છિક સંસ્થા | હા | 2 | 7.1% | 12 | 23.5% | 5 | 10.2% | 2 | 8.3% | 1 | 33.3% | 22 | 14.2% |
| | ના | 26 | 92.9% | 39 | 76.5% | 44 | 89.8% | 22 | 91.7% | 2 | 66.7% | 133 | 85.8% |
| કો-ઓપરેટિવ | હા | 0 | 0.0% | 4 | 7.8% | 0 | 0.0% | 0 | 0.0% | 0 | 0.0% | 4 | 2.6% |
| | ના | 28 | 100.0% | 47 | 92.2% | 49 | 100.0% | 24 | 100.0% | 3 | 100.0% | 151 | 97.4% |

સંશોધન ક્ષેત્રના ખેડૂતો દ્વારા મેળવાતા જ્ઞાનમાં ફોર્મલ જ્ઞાનનું મોટું પ્રમાણ જોઇ શકાયું છે. તે માટે ખેડૂતો દ્વારા સૌથી વધુ ઉપયોગ ગ્રામ સેવક અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો જોવા મળ્યો છે. અભ્યાસ બતાવે છે કે કૃષિ મહોત્સવ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ભૂમિકા મહત્વની પૂરવાર થઇ છે. કૃષિ મહોત્સવ રૂપી સરકારી પ્રયત્નો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સાચા અર્થમાં કૃષિ યાત્રા ધામ બન્યા છે. તો વિસ્તરણ અધિકારી અને કૃષિ યુનિવર્સિટીની પણ ભૂમિકા જણાય છે. સ્વૈચ્છિક સંસ્થાની થોડી ઘણી અસર છે. તેમાં આગાખાને તે માટેના કાર્યો કર્યા છે. પરંતુ, સહકારી માળખાની અસર નગણ્ય જણાય છે. અભ્યાસ બતાવે છે કે સરકારી પ્રયત્નો રંગ લાવ્યા છે. ડેડિયાપાડા ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ભૂમિકા બહુ અસરકારક સાબિત થઇ છે.

### ૪. ખેતી માટે ઇન્-ફોર્મલ જ્ઞાન વિષયક જાગ્રતતા

આદિવાસી ખેતી વિકાસમાં ઇન્-ફોર્મલ માહિતી માટે કેવા સ્રોતોનો ઉપયોગ કરવામાં આવે છે અને તે આજના સમયમાં આદિવાસી ખેડૂતોમાં કઇ રીતે અસરકારક છે તે જાણવું જરૂરી બને છે.

ટેબલ : ૫ ખેતી માટે ઇન્-ફોર્મલ જ્ઞાન વિષયક જાગ્રતતા

| | | ખેડૂતના પ્રકાર | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | |
| પાડોશી | હા | 23 | 82.1% | 39 | 76.5% | 36 | 73.5% | 20 | 83.3% | 2 | 66.7% | 120 | 77.4% |
| | ના | 5 | 17.9% | 12 | 23.5% | 13 | 26.5% | 4 | 16.7% | 1 | 33.3% | 35 | 22.6% |
| મિત્રો | હા | 21 | 75.0% | 35 | 68.6% | 34 | 69.4% | 19 | 79.2% | 3 | 100.0% | 112 | 72.3% |
| | ના | 7 | 25.0% | 16 | 31.4% | 15 | 30.6% | 5 | 20.8% | 0 | 0.0% | 43 | 27.7% |
| સંબંધી | હા | 21 | 75.0% | 36 | 70.6% | 36 | 73.5% | 19 | 79.2% | 3 | 100.0% | 115 | 74.2% |
| | ના | 7 | 25.0% | 15 | 29.4% | 13 | 26.5% | 5 | 20.8% | 0 | 0.0% | 40 | 25.8% |
| પ્રગતિશીલ ખેડૂત | હા | 16 | 57.1% | 32 | 62.7% | 34 | 69.4% | 19 | 79.2% | 3 | 100.0% | 104 | 67.1% |
| | ના | 12 | 42.9% | 19 | 37.3% | 15 | 30.6% | 5 | 20.8% | 0 | 0.0% | 51 | 32.9% |
| રાજકીય | હા | 0 | 0.0% | 0 | 0.0% | 1 | 2.0% | 0 | 0.0% | 0 | 0.0% | 1 | 0.6% |
| | ના | 28 | 100.0% | 51 | 100.0% | 48 | 98.0% | 24 | 100.0% | 3 | 100.0% | 154 | 99.4% |
| અન્ય | હા | 1 | 3.6% | 4 | 7.8% | 3 | 6.1% | 2 | 8.3% | 0 | 0.0% | 10 | 6.5% |
| | ના | 27 | 96.4% | 47 | 92.2% | 46 | 93.9% | 22 | 91.7% | 3 | 100.0% | 145 | 93.5% |

ખેડૂતો દ્વારા મેળવાતા જ્ઞાનમાં ઇન ફોર્મલ જ્ઞાનનું મોટું પ્રમાણ જોવામાં આવ્યું છે. ખેડૂતો દ્વારા મેળવાતા જ્ઞાનમાં પડોશીઓ અને સંબંધીઓનું મોટું પ્રમાણ જોવા મળ્યું છે. મિત્રો અને પ્રગતિશીલ ખેડૂતો પાસેથી પણ તેઓ મોટા પ્રમાણમાં જ્ઞાન મેળવે છે. તેઓ સંવાદ અને આંતરક્રિયા દ્વારા વધુ સારી રીતે પરસ્પર જ્ઞાન મેળવતા જોઇ શકાયા છે. તે સારી બાબત છે અને તે પ્રદેશના કૃષિ વિકાસથી સાબિત થતું જણાયું છે. સ્થાનિક નેતાઓનો અને અન્ય રોલ લગભગ જણાતો નથી અથવા તો નગણ્ય છે. જે નોંધપાત્ર ગણી શકાય તેમ નથી. ખેતીમાં જે બાબતની ઉણપ છે તે અંગેનું જ્ઞાન મળે તે બધા જ પ્રકારના ખેડૂતો ઇચ્છે છે.

### ૫. ખેતી વિકાસમાં મીડિયા વિષયક જાગ્રતતા

ખેતી વિકાસમાં મીડિયાના વિવિધ સ્ત્રોતોનો ઉપયોગ કઇ રીતે કરવામાં આવે છે અને તે આધુનિક સમયમાં આદિવાસી ખેડૂતોમાં કેટલો પ્રસાર થયેલ છે તે જરૂરી બને છે.
ટેબલ : ખેતી વિકાસમાં મીડિયા વિષયક જાગ્રતતા

| | | ખેડૂતના પ્રકાર | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | | સીમાન્ત | |
| ન્યુઝ | હા | 11 | 39.3% | 24 | 47.1% | 27 | 55.1% | 17 | 70.8% | 2 | 66.7% | 81 | 52.3% |
| | ના | 17 | 60.7% | 27 | 52.9% | 22 | 44.9% | 7 | 29.2% | 1 | 33.3% | 74 | 47.7% |
| ટીવી | હા | 10 | 35.7% | 22 | 43.1% | 24 | 49.0% | 11 | 45.8% | 2 | 66.7% | 69 | 44.5% |
| | ના | 18 | 64.3% | 29 | 56.9% | 25 | 51.0% | 13 | 54.2% | 1 | 33.3% | 86 | 55.5% |
| રેડિયો | હા | 1 | 3.6% | 4 | 7.8% | 2 | 4.1% | 1 | 4.2% | 1 | 33.3% | 9 | 5.8% |
| | ના | 27 | 96.4% | 47 | 92.2% | 47 | 95.9% | 23 | 95.8% | 2 | 66.7% | 146 | 94.2% |
| મોબાઇલ | હા | 0 | 0.0% | 1 | 2.0% | 0 | 0.0% | 0 | 0.0% | 0 | 0.0% | 1 | 0.6% |
| | ના | 28 | 100.0% | 50 | 98.0% | 49 | 100.0% | 24 | 100.0% | 3 | 100.0% | 154 | 99.4% |
| ઇન્ટરનેટ | હા | 0 | 0.0% | 0 | 0.0% | 0 | 0.0% | 0 | 0.0% | 0 | 0.0% | 0 | 0.0% |
| | ના | 28 | 100.0% | 51 | 100.0% | 49 | 100.0% | 24 | 100.0% | 3 | 100.0% | 155 | 100.0% |
| સાહિત્ય | હા | 5 | 17.9% | 15 | 29.4% | 21 | 42.9% | 13 | 54.2% | 3 | 100.0% | 57 | 36.8% |
| | ના | 23 | 82.1% | 36 | 70.6% | 28 | 57.1% | 11 | 45.8% | 0 | 0.0% | 98 | 63.2% |
| નિદર્શન | હા | 11 | 39.3% | 29 | 56.9% | 31 | 63.3% | 21 | 87.5% | 2 | 66.7% | 94 | 60.6% |
| | ના | 17 | 60.7% | 22 | 43.1% | 18 | 36.7% | 3 | 12.5% | 1 | 33.3% | 61 | 39.4% |

કૃષિ વિકાસ માટે ખેડૂતો દ્વારા મેળવાતા જ્ઞાનમાં માસ મીડિયાનો મોટો રોલ જોવા મળ્યો છે. તેમાં કૃષિ પ્રદર્શનનો સૌથી વધુ ઉપયોગ જણાયો છે. 94 એટલે કે 81.7% ખેડૂતોએ તેનો લાભ લીધો છે. તે મહત્વની ભૂમિકામાં છે તે જોઇ શકાયું છે. જયારે ટી.વી. અને સમાચાર પત્રો પણ મહત્વનો રોલ ભજવે છે. મોબાઇલને બાદ કરતાં મોટે ભાગે માસ મીડિયાનું ખેતીમાં મોટું પ્રદાન જોઇ શકાયું છે. મોબાઇલ અને ઇન્ટરનેટનું જ્ઞાન ન ઓછું હોવાને કારણે મોબાઇલ હોવા છતાં તેનો ઉપયોગ ખેતીનું જ્ઞાન લેવા થતો નથી તે સ્પષ્ટ થયું છે. બધા જ પ્રકારના ખેડૂતો મોબાઇલ સિવાય બીજી દરેક બાબતોનો સારી રીતે ઉપયોગ કરે છે. જે ભાવિ કૃષિ વિકાસની શકયતાઓને ઉજાગર કરે છે.

### ઉપસંહાર

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના આદિવાસી ખેડૂતોમાં માહિતી અને મીડિયાની ભૂમિકા અને અભિગમના અભ્યાસથી સ્પષ્ટ થયું છે કે ખેડૂતો તેને ખેતીના વિકાસ માટેનું મહત્વનું પરિબળ ગણે છે. લોન માટે બરોડા ગુજરાત ગ્રામીણ બેંક ખરા અર્થમાં ગ્રામીણ બેંક પુરવાર થઇ છે. સરકારી યોજનાઓમાં તેઓ ખાતર, બિયારણ,

દવાઓ, જૈવિક ખાતર, દવા છાંટવાનો પંપ, ઓજારો, ડ્રીપ ઇરીગેશન વગેરનો લાભ લે છે. પરંતુ, સમયસર અને પારદર્શી રીતે મળે તે જરૂરી છે. ખેતીના જ્ઞાનમાં ફોર્મલ અને ઇન ફોર્મલ બંનેનું યોગદાન જોઇ શકાયું છે. તેઓ ગ્રામ સેવક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કૃષિ મહોત્સવ, પડોશીઓ, સંબંધીઓ, મિત્રો અને પ્રગતિશીલ ખેડૂતો પાસેથી ખેડૂતો મોટા પ્રમાણમાં જ્ઞાન મેળવે છે. તેથી, સંવાદ અને આંતરક્રિયા પણ વધુ સારી રીતે જોઇ શકાઇ છે. મોબાઇલ અને ઇન્ટરનેટનું જ્ઞાન ઓછું હોવાને કારણે મોબાઇલ હોવા છતાં તેનો ઉપયોગ ખેતીનું જ્ઞાન લેવા થતો નથી તે સ્પષ્ટ થયું છે. માહિતી અને મીડિયા વધુને વધુ ખેડૂતો સુધી પહોંચતા થયા છે અને વધુને વધુ પહોંચે તે ઇચ્છવા યોગ્ય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં તે ખેતીમાં નવું સ્વીકારતો થશે તો વૈશ્વિક બજાર વ્યવસ્થાનો લાભ પણ સારી રીતે લઇ શકશે.

## સંદર્ભ


I. વ્યાસ વી.એસ., નાની ખેતીને મજબૂત બનાવવાનપદ્ધતિ : યોજના જાન્યુ. 2011

II. પ્રો.ચોટલીયા એસ.એસ., ગુજરાતમાં કૃષિ વિકાસ : યોજના જુલાઇ – 2008

III. નર્મદા જિલ્લા પંચાયતની વેબ સાઇટ : http://narmadadp.gujarat.gov.in

IV. એગ્રીકલ્ચર સેન્સસ, 2005-2006
વેબસાઇટ:http://agcensus.dacnet.nic.in/nationalcharacterstic.aspxn


*************************************************************************


**ડૉ. સતિષ પટેલ**
મદદનીશ પ્રાધ્યાપક
ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્
ગૂજરાત વિદ્યાપીઠ
ગાંધીનગર

**દિનેશ ચૌધરી**
અધ્યાપક
નૂતન ગ્રામ વિદ્યાપીઠ
થવા


Copyright © 2012 – 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat